**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પરિચય - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

**વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - બારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''સ્વામિનારાયણ ખુદા હોય તો ભલે રાજ્ય લઈ લે.'' (૭૮)

૨. ''તમો ધીરજ નહિ રાખો તો કોઈને ધીરજ નહિ રહે.'' (૧૫૩-૧૫૪)

૩. ''આ મારું ઘર છે. મારી રજા સિવાય મારો નાનો ભાઈ તો શું મારી સ્ત્રી પણ કોઈને બેસારી શકે નહિ.'' (૧૩૭)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ )** [૬]

૧. દીનાનાથ ભટ્ટના અંતરચક્ષુ ખુલી ગયા. (૭૪)

૨. પટેલે ઘણી મહેનત કરી પણ બળદ ચાલે નહિ. (૪૫)

૩. શોભારામ આંધળો થયો. (૬૪)

**પ્ર.૩** ''પોતાનું વૃત્તાંત'' (૧૦૮) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ડભાણમાં મહારાજ ફૂલેકે ફર્યા ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કયું પદ બનાવ્યું ? (૫૯)

૨. ધોલેરા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા ક્યારે થઈ ? (૧૩૫)

૩. બ્રાહ્મણને ઘોડો આપી મહારાજે દરબારોને શું કહ્યું ? (૩૩)

૪. દુષ્કાળના વરસમાં દાદાખાચરના ઓરડાઓને કયા નામ આપેલા ? (૮૦-૮૧)

૫. સમાધિમાં દીક્ષા આપી શીતળદાસનું શું નામ રાખ્યું ? (૩)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજને કયા કયા અંગ્રેજો મળ્યા હતા ? (૯૩, ૧૨૩, ૧૪૩)

(૧) ☐ બિશપ હેબર (૨) ☐ ડનલોપ

(૩) ☐ વિલિયમ બેન્ટિક (૪) ☐ સર જહોન માલ્કમ

૨. શ્રીજીમહારાજે કયા કયા ગામમાં મંદિરો બાંધ્યાં ? (૧૧૭, ૧૪૦)

(૧) ☐ કારિયાણી (૨) ☐ ગઢડા

(૩) ☐ ભૂજ (૪) ☐ પંચાળા

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. .................. ને એક ભગવાનની ગાદી ખાલી દેખાઈ. (૮૬)

૨. સારંગપુરમાં મંદિર બાંધવા પથ્થરો મેળવવા બરવાળાના ....................... ની રજા લેવી પડે. (૧૩૦)

૩. સૂબાએ મહારાજને .................... દરવાજેથી અમદાવાદ છોડી જવાનું કહ્યું. (૫૪)

૪. .................. એ મહારાજને સેવાનો ભાગ આપ્યો. (૬૮)

**વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''બ્રહ્મચારીની જોડ તો બાંધેલી જ છે ને ?'' (૨૫)

૨. ''મહારાજ અને સ્વામી તમારી મદદમાં ભળશે અને સુખિયા કરશે.'' (૫૮)

૩. ''આ લીંમડા નીચે ભગવાન બેસશે.'' (૩૩)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. ગ્વાલિયરના ગવૈયા મુગ્ધ થઈ ગયા. (૧૪-૧૫)

૨. પ્રેમાનંદ સ્વામીએ કીર્તન રચ્યું : 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી....' (૪૪)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્ર.૯ ''અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનમાં કૃષ્ણજી અદાશ્રીને આવેલી ઉપાધિઓ.'' (૬૪-૬૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. અયોધ્યાપ્રસાદજી મહારાજ કોના પુત્ર હતા ? (૨૭)

૨. પગથિયે સૂતેલા કિશોરને જોઈ મહારાજે શું કર્યું ? (૧૧)

૩. લાડુબાને શાસ્ત્રની વાતમાં સંશય થયો ત્યારે મહારાજે શું કહ્યું ? (૪૩)

૪. મૂળજી બ્રહ્મચારી મહારાજને ગાદી સાથે ક્યાંથી ઉપાડી ક્યાં લાવ્યા ? (૨૨)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષયના સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી (૪)**

**૧.** શ્રીજીમહારાજે તેમને ઘણું સમજાવ્યા છતાં નિત્યાનંદ સ્વામી તો પોતાના નિશ્ચયમાં પર્વતપ્રાય હતા. **૨.** છેવટે તેમને દુરાગ્રહી કહીને શ્રીજીમહારાજે વિમુખ કર્યા. **૩.** નિત્યાનંદ સ્વામીના મત સાથે સંતો સંમત થયા પરંતુ શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામીના મતથી વિરુદ્ધ પડ્યા. **૪.** ઘણા મોટેરા પરમહંસોએ શ્રીજીમહારાજને રામકૃષ્ણ વગેરે અવતારો જેવા જ કલ્પ્યા હતા. **૫.** વિમુખ હોવા છતાં નિત્યાનંદ સ્વામીએ તો સભામાં આવવાનું ચાલું રાખ્યું. **૬.** આઠમે દિવસે શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા અને તેમની પૂજા કરી. **૭.** વરતાલમાં જ્યારે હરિલીલાકલ્પતરુ ગ્રંથ લખાતો હતો, ત્યારે શ્રીજીમહારાજના સ્વરૂપ સંબંધી વાત નીકળી. **૮.** પરમહંસોએ શ્રીજીમહારાજને કહ્યું, 'આ નિત્યાનંદ સ્વામીની સમજણ સાચી છે.' **૯.** તમારે સર્વેએ પણ આ પ્રમાણે જ અમારા સ્વરૂપની ઉપાસના કરવી. **૧૦.** નિત્યાનંદ સ્વામીએ કહ્યું, 'શ્રીજીમહારાજ આ લોકમાં શ્રીકૃષ્ણના ભક્ત છે પણ અક્ષરધામમાં સર્વોપરી છે.' **૧૧.** શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે નિત્યાનંદ સ્વામીને સર્વોપરી ભાવની દૃઢ નિષ્ઠા હતી. **૧૨.** નિત્યાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી સાથે રહીને શાસ્ત્રાર્થથી સંપ્રદાયની પ્રતિષ્ઠા વિદ્વાનોમાં ખૂબ વધારી હતી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**તમામ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સ્વામી જાગા ભક્ત :** જાગા ભક્તે કૃષ્ણજી અદા મારફત આચાર્ય વિહારીલાલજી મહારાજને કહેવરાવ્યું કે તમે જો અક્ષરપુરુષોત્તમની જોટે મૂર્તિ પધરાવો અને સત્સંગિજીવન જેવો અક્ષરપુરુષોત્તમના મહિમાનો ગ્રંથ કરાવો તો મહાપુરુષ જેવા બે દીકરા મહારાજ આપે. (૪૭)

૨. **શ્રીકૃષ્ણજી અદા :** મેવાસાના શંકર મહારાજના પુત્ર મેઘજીભાઈને આચાર્ય મહારાજે દીક્ષા લઈ સાધુ થવાનું કહ્યું. (૬૧)

૩. **મુકુંદાનંદ વર્ણી :** શ્રીજીમહારાજે મુકુંદાનંદ વર્ણીને કહ્યું, 'આજથી તમે જનોઈ પહેરશો નહીં ને મીઠાવાળું અન્ન ખાશો નહીં. (૨૩)

૪. **ભક્તરાજ લાડુબા :** લાડુબાએ શ્રીજી મહારાજ માટે હરજી ઠક્કર પાસેથી ૧૦૦ રૂપિયાની ગાય લીધી. (૪૪)

## વિભાગ-૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. ટીન એજ સંતાનો અને મા-બાપ.

૨. સુખ-દુઃખમાં સ્થિરતા રાખવાનો શ્રેષ્ઠ ઉપાય - કર્તા-હર્તાપણાની સમજણ

૩. પરિવારની એકતા : કોર્ટથી કે સમજણથી ?

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**